ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૫ ટકા

# સિકંદર પુરાના હો ગયા, અબ તો જો જીતા વોહી "નરેન્દર"..!!!

## નરેન્દ્ર મોદી અને અમિત શાહના સુનામી સાથે દેશભરમાં સોશ્યલ મિડીયા પર નેટીઝન્સે ચબરાકિયાંની મજા માણી

*ગાંધીનગર, તા. ૨૩*

*ફરી એક ભારતીય રાજકારણમાં મોદી-શાહની ડ્રાઈવીંગ સીટવાળુ બુલડોઝર ફરી વળ્યું છે અને ભાજપે ઐતિહાસિક જીત મેળવી છે. આ વખતની ચૂંટણીનો મોટા ભાગનો જંગ સોશ્યલ મિડીયા પર એટલે કે "સ્ટ્રીટ"ના બદલે "સ્ક્રીન" પર લડાયો હતો. જેમાં શરૂઆતના તબક્કામાં કોંગ્રેસ ભારે હોય તેવુ જણાતુ હતુ. જોકે આજે પરિણામોએ સ્પષ્ટ કરી દીધુ છે કે "સ્ટ્રીટ" હોય કે "સ્ક્રીન" મોદી-શાહની જોડી ભાજપના શિસ્તબદ્ધ કાર્યકર્તાઓની સમર્પિત મહેનતને શસ્ત્ર બનાવી ભલભલા દુશ્મનને પરાસ્ત કરી શકે છે. આજે મતગણતરીની શરૂઆતથી જ એનડીએનો હાથ ઉપર રહ્યો હતો જે છેક સુધી ઉપર રહ્યો અને તે સાથે સાથે સોશ્યલ મિડીયામાં પણ અવનવા ચબરાકિયા મોદી-શાહની જીતને વધાવવા સાથે કોંગ્રેસ સહિત મહાગઠબંધન તથા તમામ વિપક્ષી નેતાઓને ટાર્ગેટ કરી તેમની "ઠેકડી" ઉડાવતા રહ્યાં હતા. આવો માણીએ તેમાંથી કેટલાક...*

- મોદી "ફેકું" નથી, "ઉખાડ ફેંકુ" છે..!!
- વો ઠહેરા "ચાયવાલા" ઔર હમ ચાય કે શૌકીન, ઐસે કૈસે જાને દેંગે ??
- પાકિસ્તાનમેં અફરાતફરી કા માહોલ, કિસીને અફવા ઉડાદી કી ભારત કે અગલે રક્ષામંત્રી સની દેઓલ હોંગે..!!
- પહેલી બાર દેખ રહા હું દેશ કે યુવાનો કો, જો ૧૪ ફેબ્રુ. કી જગહ ૨૩ મઈ મેં જ્યાદા ઈન્ટરેસ્ટ લે રહે હૈ.
- આ એનડીટીવી કોણે હેક કર્યુ ?? "અબકી બાર ફિરસે મોદી સરકાર" એવું બોલે છે.
- જીસ રેસ સે મુઝે નિકાલને કી બાત કર રહે હૈ યે બેવકૂફ વો યે નહી જાનતે કી ઈસ રેસ કા સિકંદર હું મૈ..!!
- ઈવીએમ નહી "દિલ" હેક કરતા હું મૈ - નમો.
- અમેઠીમાંથી હાર્યા, અને વાયનાડમાં જીત્યા તો હવે કયા ઈવીએમનો વાંક કાઢવાનો છે ?
- યહ અભિમન્યુ ચક્રવ્યુહ મેં ઘુસના ભી જાનતા હૈ ઔર ઉસે તોડકર બખુબી બહાર આના ભી જાનતા હૈ... નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી
- ગુજરાતી છીએ બોસ, ધંધો કરી પણ લઈએ અને ધંધે લગાડી પણ દઈએ.
- ઈન્ટરવ્યુઅર : સર આપ કી મનપસંદ સ્વીટ ડીશ ?, રાહુલ ગાંધી : ઈજ્જત કા ફાલુદા..!!
- પોલિટીકલ સાયન્સ મેં પઢા થા કી સારે "એમપી" મિલકર "પીએમ" બનાતે હૈ... ૨૦૧૯ મેં એક "પીએમ" ને મિલકર સારે "એમપી" બના લીયે.
- ખિડકીયા ખોલ કર દેખને દો મુઝે, મેરે વતન કી નઈ તસવીર બન રહી હૈ, અબ તક સરકારે ગઠબંધન સે બનતી થી, અબ વિપક્ષ ગઠબંધન સે બન રહા હૈ.
- પરિણામોના રૂઝાન જોયા પછી રાહુલ ગાંધીની ફરિયાદ "આ તો ૨૦૧૪ની જ પેટીઓ ખોલે છે."
- હજુ પાંચ વર્ષ ભાજપ રહ્યું તો કોંગ્રેસને બસમાં પણ સીટ નહી મળે - કાળુ કન્ડકટર
- દુઃખદ સમાચાર... દેશને એક સાથ ૨૨ પ્રધાનમંત્રી ખો દીએ.
- બ્રેકિંગ ન્યુઝ : દિલ્હી કે મુખ્યમંત્રી કેજરીવાલ કા બડા બયાન, કહા "જનતા મોદી સે મિલી હુઈ હૈ."
- સિકંદર પુરાના હો ગયા અબ તો જો જીતા વોહી "નરેન્દર"
- પ્રિયંકા ગાંધી પાર્ટી મેં જાન ફૂંકને કે લીએ લાયે છે, પર યે તો પુરી પાર્ટી હી ફૂંક કર ભાગ ગઈ.
- એક બાત બતાઉ, હંસના મત... એક ચાયવાલે કો હી પતા હોતા હૈ કી "ચમચે" કૈસે ધોયે જાતે હૈ ?
- આવતા પાંચ વર્ષમાં ૧૫ લાખ આપી દેજો, નહી તો ૨૦૨૪માં પણ સીટ ઉપરથી ઉતરવા નહી દઈએ... ઉઘરાણી તો કરવી પડેને..!!
- તબ ગંગા મૈયાને બુલાયા થા તો પાંચ વર્ષ શાંત રહા, અબ તો કેદારનાથ મેં ધુનિ રચાએ હૈ - તાંડવ કરેગા તાંડવ.
- ૨૩મે ના રોજ... રેલવેના પાટા, કોઈ અવાવરૂ કુવો, એકાંત જગ્યા, ઊંચી ઈમારતની છત...આવી કોઈપણ જગ્યાએ કોંગ્રેસી કાર્યકર્તા જોવા મળે તો તુરંત નજીકના પોલીસ સ્ટેશને જાણ કરશો. આપના એક ફોનથી આ નામશેષ થતી પ્રજાતિ બચાવી શકાય..!!
- રાહુલ ગાંધી કા છલકા દર્દ, રેલીયોમેં સિર્ફ મજા લેને કે લીયે હી આતે થે લોગ.
- હર ન્યુઝ ચેનલ દાવા કર રહા હૈ કી સબસે તેજ રૂઝાન ઉસકે પાસ હૈ. યે લોગ જાનતે નહી કે અમિત શાહ કે પાસ ૨૦૨૪ કે રૂઝાન ભી હૈ..!!
- આઘા રેજો... કોંગ્રેસ જાય છે.

# મતગણતરી કેન્દ્ર બહાર કોઈ ફરક્યુ જ નહી

### આકરી ગરમીમાં નાગરિકોએ ઘરે બેઠા પરિણામની મજા માણી



ગાંધીનગર, તા. ૨૩

લોકસભાની ચૂંટણીનું પરિણામ આજે જાહેર થતા રાજકીય ઉત્તેજના વધુ પ્રબળ બની હતી. ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા ચૂંટણી મેદાનમાં હોવાથી સમગ્ર દેશની નજર આ બેઠકના મતોના આંકડા તરફ મંડરાઈ હતી. સે. ૧૫ની કોલેજમાં સવારથી મતગણતરી શરૂ થઈ ગઈ હતી પરંતુ આ મત ગણતરી કેન્દ્ર આસપાસ ચૂંટણી પરિણામલક્ષી ઉત્તેજનાનો અભાવ વર્તાયો હતો. મતગણતરી કેન્દ્ર બહાર બપોર સુધી કોઈ ફરક્યુ ન હતુ. આકરા તાપના લીધે એક પછી એક રાઉન્ડના જાહેર થતા રાઉન્ડના પરિણામના અંતે પણ સ્થળ પર નિરસતા જોવા મળી હતી.

દર વખતે પક્ષ તરફેણ કાર્યકરો અને શહેરીજનો ઉત્સાહિત થઈને મતગણતરી કેન્દ્રની બહાર સજાગ થઈ ચૂંટણીના પરિણામની રાહ જોતા હોય છે. તેમના માટે મુકવામાં આવતી સ્ક્રીનમાં પરિણામ અંગે જાણ થતી રહે છે અને દરેક દ્વારા ચર્ચા કે કયો પક્ષ જીતશે, કોને કેટલી સીટ મળશે તેવી વાતો સાથે ચા ની ચુસ્કી લેવાતી હોય છે. પરંતુ આ વર્ષે સે. ૧૫ સરકારી કોલેજ મતગણતરી કેન્દ્રની બહાર મુકવામાં આવેલ એલ.ઈ.ડી.



સ્ક્રીનની આજુબાજુ કોઈપણ જોવા મળ્યુ ન હતુ. સ્ક્રીન ઉપર રિઝાન દર્સાવતા દરેકને એક સાથે જોઈ શકાય તેમ મતગણતરી કેન્દ્ર પાસે સ્ક્રીન મુકવામાં આવી હતી. પરંતુ આ વખતે ત્યાં કોઈ ફરક્યુ પણ ન હતુ. બની શકે કે આકરી ગરમી અને એક તરફી પરિણામને કારણે લોકોમાં ઉત્સાહ ન હતો કે પછી એક પક્ષીય વિજય નિશ્ચિત હોવાનું લાગતા કોઈને વધુ રસ ન રહ્યો હોય. અગાઉ જેમ ટોળેટોળા આવતા હતા તે હવે નથી જોવા મળ્યા તેનું એક મુખ્ય કારણ કહી શકાય કે ઈલેક્ટ્રોનિક મિડીયામાં પળેપળ ખબર આવતા હોવાની લોકો ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા હોય સાથે સાથે દરેકના ઘરમાં ટેલિવિઝન ચેનલોમાં પણ આજે વ્યવસ્થા છે જ અને ઓફિસમાં બેસીને કે મુસાફરી કરતા કે કોઈ પણ સ્થાનેથી ઈન્ટરનેટની સેવાઓના સરળ ઉપયોગથી સોશિયલ મીડિયા દ્વારા પળેપળ રિઝલ્ટ પણ મળી રહે છે. આમ પ્રથમ વખત શહેરમાં મતગણતરી કેન્દ્રની આસપાસ ચૂંટણી પરિણામલક્ષી કોઈ માહોલ જોવા મળ્યો ન હતો.

# આવતીકાલે ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ

### બોર્ડની વેબસાઇટ પરથી સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરાશે : જિલ્લામાંથી અંદાજિત ૧૨ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

ગાંધીનગર તા ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ આવતીકાલે જાહેર કરાશે. બોર્ડ દ્વારા સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ ટુંકમાં જાહેર થવાનુ હોવાથી શિક્ષણઆલમમાં પરિણામલક્ષી ઉત્તજેનાનો અંત આવ્યો છે. જયારે વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ પ્રવેશ કાર્યવાહીની પ્રક્રીયામાં વ્યસ્ત બન્યા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ તા ૨૫ મેં ના રોજ સવારે ૮ કલાકે જાહેર થશે. સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી કે કોપીકેસ ન થાય તે માટે પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી.આ ઉપરાંત સ્કોવોર્ડની ટીમે પણ પરીક્ષા કેન્દ્રો ખાતે રાઉન્ડ લીધો હતો. સી સી કેમેરાનુ ફુટેજના નિરિક્ષણ બાદ ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓ અંગેનો રીપોર્ટ પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા બોર્ડને સુપ્રત કરી દેવાયો છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામની પ્રથમ જાહેરાત બાદ તબક્કાવાર બોર્ડ દ્વારા રીઝલ્ટની જાહેરાત કરવામાં આવી રહી છે. ગત તા ૨૧ મેં ના રોજ ધો -૧૦ નુ પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ હોવાથી પરિણામલક્ષી ઉત્તજેના પ્રબળ બની છે. શિક્ષણ બોર્ડના નાયબ નિયામક ડો અવનીબા મોરીના તા ૨૫ મેં ના રોજ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર થશે. જયારે બપોરે ૧૨ થી ૫ કલાક દરમિયાન નિયત તમામ કેન્દ્રો પરથી ગુણપત્રકનુ વિતરણ કરાશે.

# સે-૧૫ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ગેટ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ગેટ પાસે ગત મોડી રાત્રીના સમયે બાઈક પર જઈ રહેલા પિતા-પુત્રને પાછળથી કાર ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. આ અકસ્માતમાં પિતા પુત્ર બાઈક પર થી નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. બંન્ને ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં વધુ સારવાર અર્થે બાઈક ચાલકને અમદાવાદ સિવિલ અને ત્યાંથી એપોલો હોસ્પિટલ લઈ જવાયા હતા. જયારે પુત્ર ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૧ પોલીસમાં મળતી માહિતી મુજબ મહાત્મા મંદિરથી ખ-૫ તરફ જતા માર્ગ પરથી બાઈક નં. જી.જે.૧૮.સી.-૫૫૯૪ લઈને વાવોલ ખાતે રહેતા ભવાનસિંહ ઉદેસિંહ ડામોર તેમના દિકરા કેવલને લઈને સાડા નવ વાગ્યાના અરસામાં પોતાના કાકા ગોપાલભાઈને લેવા માટે સેકટર-૧૫ ખાતે જઈ રહ્યા હતા. તે સમયે મહાત્મા મંદિરથી ખ-૫ જવાના માર્ગ પર પુરઝડપે ગફલતભરી રીતે કાર નં. જી.જે.૧૮.બી.સી.-૩૦૨૮ હંકારી બાઈકને પાછળથી ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ભવાનસિંહ માર્ગ પર પટકાતા શરીરે તેમજ આંખના ઉપરના ભાગે અને ડાબા પગે ઈજા પહોંચી હતી. કાર ચાલક તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. ગાંધીનગર સારવાર બાદ તેઓને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરાયા હતા. ત્યાંથી એપોલો હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા.જયારે પુત્ર કેવલને ગાંધીનગર સિવિલમાં સારવાર આપવામાં આવી હતી. જયારે બાઈક ચાલક ભવાનસિંહના પત્ની મનોરમાબેનની ફરીયાદને પગલે પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપ નહીં ભારતીયોની જીત, કોંગ્રેસના દેખાડાને પ્રજાએ નકાર્યો : સીએમ રૂપાણી

### જીતુ વાઘાણીએ મો મીઠું કરાવી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વને બિરદાવ્યું

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર કમલમ ખાતે પ્રેસ કોન્ફરેન્સને સંબોધતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કાર્યકરોએ ગાંધીનગર ખાતે કમલમમાં ભવ્ય ઉજવણી શરૂ કરી હતી. કાર્યકરોએ ભારત માતા કી જય અને હર હર મોદીના નારા લગાવીને જીતને વધાવી.



રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દુનિયામાં ભારતીય જનતા પાર્ટીનું નામ રોશન કર્યું છે આ અંગે વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, અમિત શાહે ખરા અર્થમાં સંગઠનનો પરીચય કરાવ્યો છે અને ભારતીય જનતા પાર્ટીને દુનિયાની મોટી પાર્ટી બનાવી છે. અમિત શાહજીએ સમગ્ર ભારતીય જનતા પાર્ટીના સંગઠનને એક જૂટ કર્યુ છે. તેઓની રાજનીતીમાં ચાણક્ય નીતી જોવા મળે છે.

ગુજરાતના સમગ્ર ભાજપના કાર્યકરોને શુભેચ્છા આપી તેમના કામને બિરદાવ્યું હતું અને કહ્યું કે, તમામ ભાજપના કાર્યકરોને હુ નમન કરૂં છું.

તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસને લોકતાંત્રીક રીત પર પણ ભરોસો નથી, કોંગ્રેસના દેખાડાને પ્રજાએ નકારી કાઢ્યા છે. જનતાએ ભાજપને જીતાડવાનું નક્કી કર્યું હતું. ૪ વિધાનસભા પેટા ચૂંટણીમાં પણ ભાજપ જીતની નજીક છે.

ઈવીએમ મુદ્દે સીએમ રૂપાણીએ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, વર્ષ ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં ઈવીએમ કોંગ્રેસને સારા લાગ્યા હતા. તમે જીતો તો ઈવીએમ સારા, હારો તો ખરાબ. કોંગ્રેસનું નેતૃત્વ નિષ્ફળ રહેતા ઈવીએમ પર હારનું ઠીકરું ફોડે છે. વિપક્ષ નેતૃત્વની નિષ્ફળતાને છુપાવવા માટે ઈવીએમનો મુદ્દો ઉઠાવે છે.

કહ્યું કે, આ મોદીજીની સૌથી મોટી ઉપલબ્ધી છે. સમગ્ર દેશમાં મોદી લહેર છે. એક્ઝિટપોલ આવતાની સાથે જ ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી ગુરૂવારે વાસ્તવમાં આ લહેર જોવા મળી હતી. આજની જીત એ ભારતીયોની જીત છે. ભારત વિજય ભવ.

નરેન્દ્ર મોદીના નેતૃત્વને બિરદાવતા રૂપાણીએ કહ્યું કે, નરેન્દ્ર મોદી ઈમાનદાર, દેશ ભક્ત અને મજબુત નેતૃત્વ થકી ભારતીય જનતા પાર્ટીને દેશમાં સર્વોચ્ચ સ્થાન અપાવ્યું છે. નરેન્દ્ર મોદીજીને હું નમન કરૂં છું. સ્પષ્ટ બહુમતિ દેખાતા ભાજપના

# પૂજા ડાન્સ એકેડમી દ્વારા સમર કેમ્પ યોજાયો

પૂજન ડાન્સ એકેડેમી દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી સમર કેમ્પનું આયોજન થતુ આવ્યુ છે. આ વર્ષે પણ બે મહિના માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૪૦ થી ૧૫૦ જેટલા બાળકો, યુવતીઓ તેમજ તેમની માતાઓએ પણ તાલીમ લીધી છે. ઉલ્લેખનીય છે કે એકેડેમીના સ્થાપક પ્રજ્ઞાબેન ગજ્જર ઈન્ટરનેશનલ ઝુમ્બા ટ્રેનરની તાલીમ લીધી છે અને તે યોગ ટીચર પણ છે. જેથી



આ કેમ્પમાં ભાગ લેનાર દરેકને ડાન્સની સાથે સાથે તેમનો આત્મવિશ્વાસ વધે, ડાન્સના પોશ્યર્ચ તેમજ ફિટનેસમા વધારો થાય તે માટે ઝુમ્બા અને યોગની તાલિમ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત સોશિયલ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સારા ગુણોનું સિંચન કરવામાં પણ એકેડેમી દ્વારા આપવામાં આવે છે.

# ગુજરાતી લેખનમાં જોડણીદોષ નિવારવા શનિવારે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની કાર્યશાળા

### જાણીતા ભાષાવિદ જેઠાભાઈ પટેલ "જોડણીને જાણો અને માણો" વિષયે તાલીમ આપશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા વીસમી કાર્યશાળાનું આયોજન તા. ૨૫મી મે શનિવારના રોજ સાંજે ૩.૩૦ થી ૬ કલાક દરમ્યાન યોજવામાં આવી છે. આ કાર્યશાળામાં જાણીતા પ્રખર ભાષાવિદ જેઠાભાઈ પટેલ જોડણી વિષયને શીખવવા મહેસાણાથી પધારી રહ્યાં છે. કાર્યશાળાનો વિષય "જોડણીને જાણો અને માણો" અંતર્ગત ગુજરાતી લેખનમાંથી જોડણીદોષ નિવારવા તાલીમ આપશે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષા ગુજરાતીના સંરક્ષણ અને સંવર્ધન માટે વિશેષ પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. માતૃભાષા ગુજરાતીમાં જોડણીનું ખૂબ મહત્વનું સ્થાન છે. સાચી જોડણી વગર ગુજરાતી ભાષા અધુરી છે તેથી આ મહત્વનો વિષય ભાષાસાધકોને શીખવાડવા વીસમી કાર્યશાળાનું આયોજન કરાયુ છે જેમાં મહેસાણાથી પ્રખર ભાષાવિદ જેઠાભાઈ પટેલ ભાષા સાધકોને સાચી જોડણી કેવી રીતે લખી શકાય તે અંગે પાયાનું જ્ઞાન આપશે. જે ભાષા સાધકો આ કાર્યશાળામાં જોડાવા માંગતા હોય તેમણે કાર્યશાળાના સંયોજક સંજયભાઈ પંડ્યા વ્હોટસએપ નં. ૯૮૨૫૭૦૯૭૭૮ પર સંદેશો મોકલવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સિ.સિ.કા.ની માસિક તથા વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના સભ્યોની મે માસની બેઠક તથા વાર્ષિક બેઠક તા. ૩૧ મે ના રોજ સાંજે ૫ વાગ્યે સે. ૭-સી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ ખાતે યોજાશે. બેઠકના અંતે યોજેલ સમૂહ ભોજનમાં ભાગ લેવા માંગતા સભ્યોએ તા. ૨૭ મે સુધીમાં કોષાધ્યક્ષ હરજીવનભાઈ પંચાલ ફોન નં. ૦૭૯-૨૩૨-૨૨૬૮૮, મો. નં. ૯૮૨૪૬૧૩૬૩૦ પાસેથી ભોજન પાસ સમયસર મેળવી લેવા સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા જણાવાયું છે.

# કુડાસણમાં નિઃશુલ્ક વાસ્તુશાસ્ત્ર માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુડાસણ ખાતે તા. ૨૫ મે ના રોજ સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ વાગ્યા દરમ્યાન વિનામૂલ્ય વાસ્તુશાસ્ત્ર કેમ્પ યોજાશે. હરિગોલ્ડ એપાર્ટમેન્ટ, દુ. નં. ૧૨૧ ખાતે યોજાનાર કેમ્પમાં ઓરા સ્કેનર મશીન દ્વારા ઘર, દુકાન, ઓફિસ, જમીનની નેગિટિવીટી અને પોઝિવીટી અને કઈ દિશા, ખૂણામાં વાસ્તુદોષ છે તેની જાણકારી માટે નકશો અને જન્મકુંડળી સાથે લાવવાની રહેશે તેમ વ્યવસ્થાપકો દ્વારા જણાવાયું છે. તથા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયુ છે.

# સોનારડા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ-નરોડા હાઈ વે પર સોનારડા પાટીયા પાસે ગતરોજ રાત્રીના સમયે બાઈક ચાલકને પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતા બાઈક ચાલક માર્ગ પર પટકાયો હતો. બાઈક ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ઈજા થતા ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા. જયારે અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક ભાગી છુટ્યો હતો. ઈજાગ્રસ્તને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. જયા સારવાર દરમિયાન બાઈક ચાલકનું પ્રાણ પંખેરુ ઉડી જવા પામ્યું હતું. બનાવ અંગે મૃતકના ભાઈએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોધી પીએસઆઈ બી.આર.રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ડભોડા પોલીસ મથકમાં મૃતકના ભાઈએ નોંધાયેલ ફરીયાદ મુજબ દહેગામના સામેત્રી ગામે રોહિતવાસ ખાતે રહેતા બાબુભાઈ કાળાભાઈ રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે તેમનો નાનો ભાઈ રમેશભાઈ કાળાભાઈ રાઠોડ તેમના પરિવાર સાથે બાજુમાં જ રહે છે અને જે.કે.લક્ષ્મી સીમેન્ટના પ્લાન્ટમાં આઈસરની ગાડી ચલાવે છે. તે સ્પેલેન્ડર બાઈક નં.જી.જે.૦૧.યુ.એફ.- ૪૩૪૨ નરોડાથી સામેત્રી ગામે અપડાઉન કરે છે. ગત તા.૨૨ના રોજ રાત્રીના સમયે દહેગામ નરોડા હાઈ વે પર સામેત્રી ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી નાસી છુટ્યો હતો. કારની ટક્કરે બાઈક ચાલક રમેશભાઈ રાઠોડ પટકાયો હતો. જેથી યુવાનને શરીરે નાની મોટી તેમજ માથાના ભાગે ઈજા થઈ હતી. બનાવને પગલે આસપાસના નાગરીકો તેમજ અન્ય વાહનચાલકોએ તાત્કાલીક ૧૦૮ બોલાવી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે મોકલી આપ્યો હતો.